RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

Since 1954




# રાજકોટ જીલ્લા કલેકટરશ્રીને માનનીય વડાપ્રધાનશ્રીના હસ્તે એવોર્ડ અર્પણ પ્રાપ્ત થતા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રતિનિધિઓ દ્વારા હાર્દિક અભિનંદન પાઠવેલ...

# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

તાજેતરમાં કેન્દ્ર સરકારની ૧૧ યોજનાની રાજકોટ જીલ્લામાં ઉતકૃષ્ટ કામગીર કરવા બદલ કલેકટરશ્રી પ્રભવ જોષીને દિલ્હી ખાતે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના હસ્તે એવોર્ડ અર્પણ કરવામાં આવેલ હતો. આ એવોર્ડ માટે સમગ્ર દેશમાંથી પાંચ જીલ્લાઓની પસંદગી કરવામાં આવેલ હતી. જેમાં ગુજરાત રાજયમાંથી એકમાત્ર રાજકોટ જીલ્લાનો સમાવેશ કરવામાં આવેલ હતો.

આમ આ ભવ્ય એવોર્ડ પ્રાપ્ત થવા બદલ રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ, ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા અને ટ્રેઝરરશ્રી વિનોદભાઈ કાછડીયા દ્વારા રાજકોટ જીલ્લા કલેકટરશ્રીની રૂબરૂ મુલાકાત લઈને હાર્દિક અભિનંદન પાઠવેલ હતા. તેમજ આવનારા દિવસોમાં રાજકોટ જીલ્લાના સર્વાંગી વિકાસમાં સાથ સહકાર આપતા રહીશું તેવી લાગણી વ્યકત કરેલ. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.